eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 210**
**January 08, 2009**

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૦૨/૦૧/૨૦૧૦ નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## મસ્કતિ ધમાર્થ હોસ્પિટલ

ટાવર સામે, ભાગળ મેઈન રોડ, સુરત ધ્વારા વિવિધ વિભાગોમાં નવેમ્બર–૦૯ માસ દરમ્યાન પુરી પાડવામાં આવતી સેવાઓનો લાભ લેનાર દર્દીઓની વિગત ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત શહેરનાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ રીંગરોડમાં ફલાય ઓવર બ્રીજમાં રસ્તામાં નડતરરૂપ સીમલા ગેસ્ટ હાઉસને લાગુ કાચા પાકા મકાનો થઈ કુલ–૩૪ મકાનોનાં કબ્જેદારોને જે. એન. યુ. આર. એમ. સ્કીમ હેઠળ ટી.પી. –૨ (ઉધના) ફા. પ્લોટ નં. ૧૦૦ કાશી નગર ખાતે બાંધવામાં આવેલ આવાસોમાં ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## શહેર સુરતનાં પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં આરોગ્ય અને ઈજનેરી વિભાગનાં સંકલન હેઠળ સફાઈ અભિયાનની કામગીરી

મે. કમિશ્નરશ્રીની હેલ્થ અને ઈજનેરી વિભાગની સંકલન મીટીંગમાં આપેલ સુચના અનુસાર વરાછા ઝોન ખાતે દર બુધવારે સફાઈ અભિયાન આરોગ્ય અને ઈજનેરી સ્ટાફનાં સંકલનમાં કરવામાં આવે છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## તા.૬.૧.૨૦૧૦ના રોજ "રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫" વિષય ઉપર એક દિવસીય ટ્રેનીંગ–કમ–વર્કશોપ



સુરત મહાનગરપાલિકા તથા સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા **(SPIPA)**, અમદાવાદના સંયુકત ઉપક્રમે સુરત મહાનગરપાલિકાના સરદાર વલ્લભભાઈ પટેલ સભાખંડ ખાતે તા.૬.૧.૨૦૧૦ના રોજ "રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫" વિષય ઉપર એક દિવસીય ટ્રેનીંગ–કમ–વર્કશોપ રાખવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પતંગ પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરીમાં મકરસંક્રન્તિને ધ્યાનમાં લઈ પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨/૧/૨૦૧૦ને શનિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરની શાળા/કોલેજના વિદ્યાર્થીઓની "સીટી રન"–દોડ



સને ૨૦૧૦ નું વર્ષ "સ્વર્ણિમ ગુજરાત" તરીકે ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં તા. ૩૧મી જાન્યુઆરી ૨૦૧૦ ને રવિવારના રોજ મુખ્ય "સીટી રન" માં શહેરના તમામ વર્ગોનાં લોકો ઉત્સાહથી મોટી સંખ્યામાં જોડાય તે હેતુસર શહેરીજનોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨/૧/૨૦૧૦ ને શનિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૩/૧/૨૦૧૦ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરના ડોકટરો, આર્કીટેકટ, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એન્જીનીયરો, જેવા અન્ય વ્યવાસાયીઓની "સીટી રન"–દોડ



સને ૨૦૧૦નું વર્ષ "સ્વર્ણિમ ગુજરાત" તરીકે ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં તા. ૩૧ મી જાન્યુઆરી ૨૦૧૦ને રવિવારના રોજ મુખ્ય "સીટી રન" માં શહેરના તમામ વર્ગોનાં લોકો ઉત્સાહથી મોટી સંખ્યામાં જોડાય તે હેતુસર ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૦૨/૦૧/૨૦૧૦ નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૫૧ (ડભોલી) રેવન્યૂ સર્વે નં. ૧૦૮, ૧૦૯ પૈકી ફાઈનલ પ્લોટ નં. ૧૩૮ માં આવેલ બાલાજીનગર સોસાયટીના સબ પ્લોટ નં. ૧૪ ના પ્રથમ માળે ૧૭૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

ટી.પી. સ્કીમ નં. ૨૪(ટુંકી), રીઝર્વેશન પ્લોટ નં. આર–૧૦ માં દુકાન બનાવવાના હેતુથી ચણતરકામ કરી પતરા ફીટ કરેલ જે દુર કરી આશરે ૩૬૦ ચો.ફુટ માપ વિસ્તારની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

TOP

## મસ્કતિ ધમાર્થ હોસ્પિટલ

ટાવર સામે, ભાગળ મેઈન રોડ, સુરત ધ્વારા વિવિધ વિભાગોમાં નવેમ્બર—૦૯ માસ દરમ્યાન પુરી પાડવામાં આવતી સેવાઓનો લાભ લેનાર દર્દીઓની વિગત :

- ઓપીડી દર્દી તરીકે સારવાર લેનાર દર્દીઓ —૧૨,૫૪૨
- દાખલ દર્દીઓ ૪૮૯
- આઈ.સી.યુ. વિભાગમાં સારવાર લેનાર દર્દીઓ—૩૭
- લેબોરેટરીમાં કરવામાં આવેલ ટેસ્ટ—૧૩,૫૯૦
- એક્ષ —રે વિભાગના દર્દીઓ —૫૨૬
- દાંત વિભાગના સારવાર લેનાર દર્દીઓ—૫૮૭
- ડોગ બાઈટ સારવાર લેનાર દર્દીઓ—૧૫૨
- ડાયાલીસીસની સંખ્યા —૮૨
- ફેમીલી પ્લાનીંગ વિભાગના દર્દીઓ—૧૮૦
- વેકસીન વિભાગના દદ—૪૬૩

**મસ્કતિ ધમાર્થ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ સેવાઓ**

| | | |
|---|---|---|
| ૧. ઈમરજન્સી—૨૪ કલાક | ૮. આંખ વિભાગ | ૧૫. સ્કીન (ચામડી) વિભાગ |
| ૨. આઈ.સી.સી.યુ. વિભાગ | ૯. એક્ષ—રે વિભાગ | ૧૬. ઓપરેશન થીયેટર |
| ૩.સર્જીકલ વિભાગ | ૧૦. ફિજીયોથેરાપી વિભાગ | ૧૭. ન્યુરો સર્જન તથા પીડીયાટ્રીક સેવાઓ |
| ૪. મેડીકલ વિભાગ | ૧૧. રસીકરણ વિભાગ | ૧૮. ટી.બી. (છાતીના) રોગનો વિભાગ |
| ૫. ઓર્થોપેડીક (હાંડકા) વિભાગ | ૧૨. ફેમીલી પ્લાનીંગ વિભાગ | ૧૯. માનસિક રોગ વિભાગ. |
| ૬. કાન,નાક,ગળા વિભાગ | ૧૩. લેબોરેટરી | |
| ૭. દાંત વિભાગ | ૧૪. ડાયાલીસીસ યુનિટ | |

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

(૧) સુરત શહેરનાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ રીંગરોડમાં ફલાય ઓવર બ્રીજમાં રસ્તામાં નડતરરૂપ સીમલા ગેસ્ટ હાઉસને લાગુ કાચા પાકા મકાનો થઈ કુલ–૩૪ મકાનોનાં કબ્જેદારોને જે. એન. યુ. આર. એમ. સ્કીમ હેઠળ ટી.પી. –૨ (ઉધના) ફા. પ્લોટ નં. ૧૦૦ કાશી નગર ખાતે બાંધવામાં આવેલ આવાસોમાં સ્થળાંતર કરવામાં આવેલ છે. તથા સ્થળ પરનાં રસ્તામાં આવતા મકાનો દૂર કરી ૭૩૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. સદરહુ રસ્તાની જગ્યા ખુલ્લી થવાથી ફલાય ઓવર બ્રીજનાં કામને વેગ મળશે. જેનાથી સ્ટેશન–કતારગામ જતાં વાહનોની ટ્રાફિક સમસ્યા હળવી થશે.

સદર કામગીરી શહેર વિકાસ અધિકારીશ્રીની સૂચનાથી કાર્યપાલક ઈજનેરનાં માર્ગદર્શન હેઠળ સફળતાંપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

(૨) સુરત શહેરમાં સમાવિષ્ટ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સાંઈબાબા મંદિર પાસે આવેલ મિલકત વોર્ડ નં. ૧૧ નોંધ નં. ૨૫૪૧/અ/૩/૨માં તા. ૧૦/૧૦/૦૮થી મંજૂર થયેલ પ્લાન વિરુધ્ધનાં બાંધકામ અંગે અત્રેથી તા. ૧/૯/૦૯ થી કા.દ. નોટીસ આપવામાં આવેલ. જેનાં અનુસંધાને કોઈ ખુલાસો રજૂ ન કરતા બાંધકામ ચાલુ રાખતા અત્રેથી ભોંયતળીયે પાર્કિંગવાળા ભાગમાં દુકાન તથા ફલેટ બનાવવાનાં ઈરાદાથી કરવામાં આવેલ, ૫૦૦ ચો.ફટ દિવાલોનું બાંધકામ દૂર કરી પાર્કિંગવાળો ભાગ ખુલ્લો કરવામાં આવેલ છે. તથા પાંચમા માળે આશરે ૩૮૦ ચો.ફૂટનું લેવામાં આવેલ આર.સી.સી. સ્લેબ સહિતનું બાંધકામ દૂર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૨૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

વધુમાં વોર્ડ નં.૧ નોંધ નં. ૧૭૯૦ /બવાળી મિલ્કતમાં ટીડીઓનં. ૩૫૦ તા. ૨૬–૧૦–૯૩ થી મંજૂર થયેલ પ્લાન વિરુધ્ધ ભોંયતળીયે પાર્કિંગવાળા ભાગમાં દુકાન બનાવેલ. જે તાત્કાલિક અસરથી ખાલી /દૂર કરવા તા. ૮/૧૨/૦૯ થી નોટીસ આપવામાં આવેલ. જેનાં અનુસંધાને કોઈ ખુલાસો રજૂ ન કરતા સદરહુ દુકાન આજરોજ સીલ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી શહેર વિકાસ અધિકારીશ્રીની સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ સફળાતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

## શહેર સુરતનાં પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં આરોગ્ય અને ઈજનેરી વિભાગનાં સંકલન હેઠળ સફાઈ અભિયાનની કામગીરી

મે. કમિશ્નરશ્રીની હેલ્થ અને ઈજનેરી વિભાગની સંકલન મીટીંગમાં આપેલ સુચના અનુસાર વરાછા ઝોન ખાતે દર બુધવારે સફાઈ અભિયાન આરોગ્ય અને ઈજનેરી સ્ટાફનાં સંકલનનમાં કરવામાં આવે છે.

વરાછા ઝોન ધ્વારા તા. ૩૦/૧૨/૦૬નાં રોજ વરાછા ઝોન વિસ્તારમાં આવેલ બરોડા પ્રિસ્ટેજ તેમજ ખોડિયાર નગર રોડ ઉપર અભિયાન રાખવામાં આવેલ. સદર વિસ્તારમાં આરોગ્ય અને ઈજનેરી સ્ટાફ ધ્વારા સ્ક્રેપીંગ–બ્રશીંગ કરાવી માટી મિશ્રિત કચરાનાં ઢગલા, બિલ્ડીંગ મટીરીયલ્સ–ચાર ટ્રેકટર, કડિયા લારી ધ્વારા ૧૨(બાર) મે.ટન માટી મિશ્રિત સ્ક્રેપીંગ મટીરીયલ્સનો નિકાલ કરવામાં આવેલ છે.

ઉપરોકત વિસ્તારમાં તળિયા ઝાટક સાફ–સફાઈ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે. તેમજ સદર વિસ્તારમાં આવેલ સંસ્થાઓ ધ્વારા જાહેર રોડ ઉપર લીટરીંગ કરતા તેમજ ડસ્ટબીન ન રાખવા બાબત અને ખાણી પીણીની સંસ્થામાં ગંદકી બાબત વહીવટી ખર્ચ રૂા. ૫૩,૨૦૦/– કુલ ૨૫૨ ઈસમો પાસેથી વસુલ લેવામાં આવેલ છે. તેમજ તેઓને ડસ્ટબીન રાખવા બાબત અને તેમની સંસ્થા નો કચરો ડોર ટુ ડોર નાં વાહનને આપવા બાબત સમજણ આપવામાં આવેલ છે.

અગાઉ પણ તા. ૧૬/૧૨/૦૯ નાં રોજ લાભેશ્વર પોલીસ ચોકીથી વર્ષા ટર્નીંગ અને વરાછા મેઈન રોડ અને ડીમોલીશન રોડ ઉપર અભિયાન કરી ગંદકી કરનાર ઈસમો પાસેથી રૂા. ૯,૨૦૦/–વ.પ. ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. તેમજ તા. ૨૩/૧૨/૦૯નાં રોજ કોહીનુર રોડ, મહાદેવનગર, ડાયમંડ નગર રોડ વિસ્તારમાં અભિયાન કરી રૂા. ૨૦,૮૫૦/– વ.પ. ખર્ચ પેટે વસુલ કરવામાં આવેલ છે.

આમ, કુલ રૂા. ૮૩,૨૫૦/– વ.પ. ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

TOP

## તા.૬.૧.૨૦૧૦ના રોજ "રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫" વિષય ઉપર એક દિવસીય ટ્રેનીંગ–કમ–વર્કશોપ



સુરત મહાનગરપાલિકા તથા સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા (SPIPA), અમદાવાદના સંયુકત ઉપક્રમે સુરત મહાનગરપાલિકાના સરદાર વલ્લભભાઈ પટેલ સભાખંડ ખાતે તા.૬.૧.૨૦૧૦ના રોજ "રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫" વિષય ઉપર એક દિવસીય ટ્રેનીંગ–કમ–વર્કશોપ રાખવામાં આવેલ. જે માન. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાળાએ દિપ પ્રગટાવીને ખુલ્લો મુકેલ. આ પ્રસંગે માન. કમિશ્નર કુ. એસ. અપર્ણા, માન. અધ્યક્ષ (સ્થાયી સમિતિ) શ્રી મુકેશભાઈ દલાલ, માન. નેતા (વિરોધપક્ષ) શ્રી યોગેશભાઈ કાપડીયા ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે પ્રારંભિક પ્રવચનમાં મા. મ્યુનિ. કમિશ્નરશ્રીએ જણાવ્યું હતું કે, ભારતના બંધારણ હેઠળ તમામ નાગરિકોને વ્યકિત સ્વાતંત્ર્ય તથા વાણી સ્વાતંત્ર્યના અધિકારો મળેલા છે તે સંદર્ભે રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટનો ખૂબ જ અગત્યનો કાયદો ભારત સરકારે પ્રજાજનો સમક્ષ મૂકયો છે. આ કાયદો રાજય સરકાર ધ્વારા પણ વિવિધ કાર્યક્રમ સ્થાનિક સ્તરે સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા (સ્પીપા), અમદાવાદ તથા સરકારી વહીવટી તંત્રોનાં સંયુકત ઉપક્રમે યોજીને રાજયના તમામ શહેરો તથા નગરોમાં રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટના પ્રચાર પ્રસાર માટે આગવી ઝુંબેશ ચલાવવામા આવી રહી છે, જેના ભાગ રૂપે આ વર્કશોપનું આયોજન સુરત મહાનગરપાલિકાએ કર્યુ છે. અપેક્ષા રાખું છુ કે રાજય સરકારશ્રીના સહયોગથી કાયદાના પ્રચાર–પ્રસાર અને અમલીકરણ માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરાયેલ આ પ્રયત્ન સાર્થક થાય અને અત્રેના અધિકારી–કર્મચારીઓ આ પ્રકારનાં વર્કશોપ ધ્વારા કાયદા હેઠળનું તેમનું જ્ઞાન વધુ સમૃધ્ધ કરે અને નાગરીકો ધ્વારા સાચી દિશામાં આ કાયદાનો નાગરિક અધિકારના ભાગરૂપે યોગ્ય ઉપયોગ થાય તેવી આશા વ્યકત કરેલ.



ત્યારબાદ માન. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાળા સાહેબે પોતાના પ્રવચનમાં જણાવ્યુ હતું કે, આ કાયદાનો મૂળભૂત હેતુ સરકારી, જાહેર કચેરીઓમાંથી કચેરી કામકાજને લગતી, કચેરી તથા કર્મચારીઓની ફરજને લગતી અને નાગરિક સુવિધાઓને લગતી યોજનાઓ તથા તેના ખર્ચ સહિતની વિવિધ માહિતીઓ જાહેર જનતા સહેલાઈથી મેળવી શકે તે ઉદ્દેશ આ કાયદા પાછળ રહેલો છે. આ કાયદા થકી વહીવટમાં પારદર્શિતા, જવાબદારીને ઉત્તેજન આપવા અને ભ્રષ્ટાચાર નાબૂદ કરવા મહત્તમ ભાર મૂકેલો છે. સરકાર અને તેના સાધનો, ચૂંટાયેલા લોક પ્રતિનીધિઓ અને અધિકારીઓ તથા કર્મચારીઓ પ્રજાને લોકશાહીમાં જવાબદાર રહે તે હેતુ સાર્થક કરવાનો આ કાયદાનો અભિગમ રહેલો છે. અપેક્ષા રાખું છુ કે, આ વર્કશોપ માહિતી અધિકાર અધિનિયમની સમજ માટે ખૂબ જ અગત્યનો હોય સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરાયેલ આ પ્રયત્ન સાર્થક થાય અને આ કાયદાનું હાર્દ સમજવા માટે તથા કાયદાના અમલીકરણ ધ્વારા વહીવટી પારદર્શીતાના ભાગરૂપે પ્રજાને તેની મહત્તમ જાણકારી તથા માહિતી મળી રહે તેવી અપેક્ષા માન. મેયરશ્રીએ વ્યકત કરેલ.

ત્યાર બાદ ટ્રેનીંગનો હવાલો સંભાળતા પ્રથમ સેશનમાં વાઈસ પ્રેસીડન્ટ, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ., વડોદરાનાં શ્રી દિનેશભાઈ પટેલ ધ્વારા માહિતી અધિકાર કાયદા પર ગહન દ્રષ્ટિપાત કરાવી આ કાયદાની જાણકારી–સમજ, નાગરિક તરીકે મળેલા હકકો તથા અરજી કરવાની રીત, અરજી કર્યા પછી પણ ત્રીસ દિવસમાં માહિતી ના મળે કે વધુ ફી માંગવામાં આવે તો શું કરવુ. અપીલ–પ્રથમ અપીલ–બીજી અપીલ–ફરિયાદ, કાયદાનો ભંગ કયારે થયો ગણાય ? વિગેરે મુદ્દાઓ ઉપર ઉંડાણથી સમજ આપી હતી. જયારે બીજા સેશનમાં ગવર્નમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ , સુરતના પ્રોફેસર શ્રી કિરણભાઈ ત્રિવેદીએ "પ્રોએકટીવ ડીસ્કલોઝર" (સામેથી જાહેર કરવાની વિગતો) વિષય ઉપર વિવિધ બાબતો અંગે સમજણ આપી હતી. નાગરિક માહિતી માંગે તે પહેલા જ જે તે સરકારી ઓથોરીટીએ તેની કામગીરીની વિગતો પોતાની વેબસાઈટ ઉપર, પોતાના નોટીસ બોર્ડો કે અન્ય માધ્યમ ધ્વારા આગળથી જ જાહેર કરવી જોઈએ તે બાબતો વિશે છણાવટ કરી હતી.ત્યારબાદના સેશન્સમાં સુરત મહાનગરપાલિકાના આસી. નોડલ ઓફિસર (આર.ટી.આઈ.સેલ) શ્રી હિરનેશભાઈ ભાવસારએ ' રોલ ઓફ પબ્લીક ઈન્ફર્મેશન ઓફિસર, આસી.પબ્લીક ઈન્ફર્મેશન ઓફિસર' તેમજ આ કાયદા હેઠળ અપીલની જોગવાઈઓ, અધિકારીઓની ફરજો, કાર્યો સંબંધિ ગહન સમજ આપી હતી. વર્કશોપના અંતે રાખેલ પ્રશ્નોત્તરી સેશનમાં શ્રી હિરેનશભાઈ ભાવસાર ધ્વારા મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ આ કાયદા વિષયક વિવિધ પ્રશ્નો સંબંધે સંતોષપ્રદ માર્ગદર્શન આપ્યુ હતું. આ તાલીમ સહ કાર્યશાળાના અંતે ડેપ્યુટી કમિશ્નર(પ.અને ઈ.) શ્રી સી.જે.ગામીત ધ્વારા ઉપસ્થિત પદાધિકારીશ્રીઓ, વ્યાખ્યતાશ્રીઓ તથા અધિકારીશ્રીઓનો આભાર માની આ તાલીમ સહ કાર્યશાળાનું સમાપન કર્યુ હતું. આ તાલીમ કાર્યક્રમમાં મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિઓનાં અધ્યક્ષ/ઉપાધ્યક્ષશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ તથા ખાતાધિકારીશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રીઓ, નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ ખૂબ જ મોટી સંખ્યામાં કર્મચારીઓએ ભાગ લીધો હતો.

TOP

## પતંગ પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરીમાં મકરસંક્રન્તિને ધ્યાનમાં લઈ પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે.

સુરત શહેર પતંગ માટે ખૂબ જાણીતું છે અને રાંદેરના પતંગો અનેક જગ્યાએ પ્રખ્યાત છે તે સંદર્ભે પતંગોનો ઈતિહાસ, પતંગો બનાવવાની રીત, પતંગો વિશે જાણવા જેવી બાબતો, દોરી બનાવવાની અને કાચ બનાવવાની રીત તેમજ દુનિયાના વિવિધ દેશોના પતંગો તેમજ આંતરારાષ્ટ્રીય પતંગમહોત્સવ વિશેની વિશેષ જાણકારી દર્શાવવામાં આવી છે. તા.૦૫/૦૧/૨૦૧૦ સુધી જાહેર જનતા માટે સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરીમાં વિનામૂલ્યે પ્રદર્શન ખુલ્લું રહેશે. તા. ૧૪/૦૧/૧૦ ના રોજ સાયન્સ સેન્ટર બંધ રહેશે. પતંગ પ્રદર્શનનો લાભ લેવા જાહેર જનતાને વિનંતી.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨/૧/૨૦૧૦ને શનિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરની શાળા/કોલેજના વિદ્યાર્થીઓની "સીટી રન"–દોડ



સને ૨૦૧૦ નું વર્ષ "સ્વર્ણિમ ગુજરાત" તરીકે ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં તા. ૩૧મી જાન્યુઆરી ૨૦૧૦ ને રવિવારના રોજ મુખ્ય "સીટી રન" માં શહેરના તમામ વર્ગોનાં લોકો ઉત્સાહથી મોટી સંખ્યામાં જોડાય તે હેતુસર શહેરીજનોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨/૧/૨૦૧૦ ને શનિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરની શાળા/કોલેજના વિદ્યાર્થીઓની "સીટી રન"–દોડ સુરત બારડોલી રોડ ઉપર ન્યુ બોમ્બે માર્કેટથી આઈ માતા સર્કલ, અર્ચના સ્કુલ થઈ નંદલાલ હવેલી સુધી યોજવામાં આવી હતી. માન.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર), મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સ્વાતીબેન ભટ્ટ તથા અન્ય મ્યુનિ.સભ્યોશ્રીઓએ લીલી ઝંડી ફરકાવી દોડ સ્પર્ધાની શરૂઆત કરાવી હતી. આ "સીટી રન"માં વિદ્યાર્થીઓ માટે ૩ કિ.મી. અને વિદ્યાર્થીનીઓ માટે ૨ કિ.મી.નું અંતર રાખવામાં આવ્યુ હતું. વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ મળી ૪૦૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. "સીટી રન"માં **વિદ્યાર્થીઓમાં પ્રથમ**–દક્ષેશ અશોકભાઈ રેતીવાલા, **દ્વિતીય**–ચૌધરી હરીશકુમાર, **તૃતીય**–સેલર કરણ ધર્મેન્દ્રભાઈ અને **ચતુર્થ** સ્થાને શેખ શહેબાઝ વિજેતા થયા હતા. જયારે **વિદ્યાર્થીનીઓમાં પ્રથમ**–પલ્લવી અશોકભાઈ રેતીવાલા, **દ્વિતીય**–ઝીલ દક્ષેયભાઈ શાહ, **તૃતિય** બગથરિયા ધર્મિષ્ઠા વિનોદભાઈ અને **ચતુર્થ** સ્થાને પરમાર જયોતિ જીવનભાઈ વિજેતા નીવડયા હતા.



આ પ્રસંગે વિજેતાઓને માન.મેયરશ્રીએ અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, ગ્લોબલ વોર્મિગના માહોલમાં દરેક વિદ્યાર્થીએ પોતાના જન્મ દિવસે એક વૃક્ષ રોપવું જોઈએ.અને વિદ્યાર્થીના તંદુરસ્ત સ્વાસ્થય માટે સ્કુલ તેમજ ટયુશને સપ્તાહમાં ઓછામાં ઓછું એક વખત જવા અનુરોધ કર્યો હતો.

"સીટી રન" વિજેતા દોડવીરોને માન.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર), મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સ્વાતીબેન ભટ્ટ વગેરે મહાનુભાવો હસ્તે ટ્રોફી, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર એનાયત કરી નવાજવામાં આવ્યા હતા. 'સીટી રન"માં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સ્મૃતિભેટ રૂપે કેપ આપવામાં આવી હતી. આ પ્રસંગે પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. અંતમાં ડે.કમિશ્નર(સ્પે.) શ્રી પી.જે.ઝાલાએ ઉપસ્થિત તમામનો આભાર માની હવે પછીના "સીટી રન"કાર્યક્રમમાં નગરજનોને ઉત્સાહ પૂર્વક મોટી સંખ્યામાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો.

**હવે પછીનો "સીટી રન"નો કાર્યક્રમ નીચે મુજબ છે**

| ક્રમ | સમય | તારીખ | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | સવારે ૭.૦૦ કલાકે | ૩.૧.૧૦ રવિવાર | ડોકટરો, આર્કીટેકટ, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એન્જીનીયર વગેરે જેવા વ્યવસાયીઓ | SVNIT કોલેજ સર્કલથી રંગોલી રેસ્ટોરન્ટ રૂંઢનાથ મહાદેવ, સુરત ડુમસ મેઈન રોડ જાગનાથ મહાદેવ સુધી |
| ૨ | સવારે ૭.૦૦ કલાકે | ૧૦.૧.૧૦ રવિવાર | કોર્પોરેટ સેકટર સાથે સંકળાયેલ વ્યકિતઓ | "ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ" એલ.પી.સવાણી સ્કૂલ સર્કલથી અડાજણગામ |
| ૩ | સવારે ૭.૦૦ કલાકે | ૧૭.૧.૧૦ રવિવાર | પોલીસ, હોમગાર્ડ, એન.સી.સી. જેવા સલામતી દળોનાં જવાનો | SVNIT કોલેજ સર્કલથી રંગોલી રેસ્ટોરન્ટ રૂંઢનાથ મહાદેવ, સુરત ડુમસ મેઈન રોડ જાગનાથ મહાદેવ સુધી |
| ૪ | સવારે ૭.૦૦ કલાકે | ૩૧.૧.૧૦ રવિવાર | મુખ્ય સીટી રન | સુરત–ડુમસ, ગૌરવપથ |

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૩/૧/૨૦૧૦ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરના ડોકટરો, આર્કીટેકટ, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એન્જીનીયરો, જેવા અન્ય વ્યવસાયીઓની ''સીટી રન''–દોડ



સને ૨૦૧૦નું વર્ષ ''સ્વર્ણિમ ગુજરાત'' તરીકે ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં તા. ૩૧ મી જાન્યુઆરી ૨૦૧૦ને રવિવારના રોજ મુખ્ય ''સીટી રન'' માં શહેરના તમામ વર્ગોનાં લોકો ઉત્સાહથી મોટી સંખ્યામાં જોડાય તે હેતુસર શહેરીજનોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૩/૧/૨૦૧૦ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે શહેરના ડોકટરો, આર્કીટેકટ, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એન્જીનીયરો, જેવા અન્ય વ્યવસાયીઓની ''સીટી રન''–દોડ સુરત ડુમસ ગૌરવપથ પર **SVNIT** કોલેજ સર્કલથી રંગોલી રેસ્ટોરન્ટ રૂંઢનાથ મહાદેવ, જાગનાથ મહાદેવ સુધી યોજવામાં આવી હતી. માન. સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષ, મ્યુ.કમિશનરશ્રી કુ. એસ. અપર્ણા, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, વિરોધપક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સ્વાતીબેન ભટ્ટ તથા અન્ય મ્યુનિ.સભ્યોશ્રીઓએ લીલી ઝંડી ફરકાવી દોડ સ્પર્ધાની શરૂઆત કરાવી હતી. આ ''સીટી રન''માં પુરૂષો માટે ૩.૫ કિ.મી. અને મહિલા સ્પર્ધકો માટે ૨.૫ કિ.મી.નું અંતર રાખવામાં આવ્યુ હતું. જેમાં ૫૦૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. ''સીટી રન'' માં **પુરૂષ વર્ગમાં પ્રથમ**–સુરેશકુમાર બાબુલાલ પરમાર (કેમીકલ એન્જીનીયર), **દ્વિતીય**–નિલેશ જશવંતલાલ પટેલ (વકીલ), **તૃતીય**–ડો. નૈનેશ રમેશચંદ્ર વાંકાવાલા (ઓર્થો.સર્જન) વિજેતા થયા હતા. જયારે **મહિલા વર્ગમાં પ્રથમ**–ડો. મીનાબેન નૈનેશભાઈ વાંકાવાલા (ડોકટર), **દ્વિતીય**–ડો. હેતલબેન તમાકુવાલા(ડોકટર), **તૃતિય** સ્થાને પટેલ પારૂલબેન આર. (એન્જીનીયર) વિજેતા નીવડયા હતા. સફળતાપૂર્વક અંતર પૂરૂં કરવા બદલ સીનીયર સીટીઝન શ્રી નરેશ ટાલિયાને સન્માનવામાં આવ્યા હતા.



સન્માન સમારોહની શરૂઆતમાં મ્યુ. કમિશનર શ્રી કુ. એસ. અપર્ણાએ સીટી રનના આયોજનમાં સ્વયંભુ ભાગ લેવા બદલ તમામ સ્પર્ધકોનો આભાર માન્યો હતો. અને હવે પછીની તા.૩૧ જાન્યુઆરી ૨૦૧૦ શહેરના નગરજનો માટે યોજવામાં આવનાર ''સીટી રન''માં ભાગ લેવા અનુરોધ કર્યો હતો. સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષે ''સ્વર્ણિમ ગુજરાત'' ની ઉજવણીમાં તમામ પક્ષનો સહયોગ લઈ હવે પછીના કાર્યક્રમોને સફળ બનાવવા અને સુરત મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રીય કક્ષાના મળેલ ચાર એવોર્ડ માટે અભિનંદન આપ્યા હતા.

''સીટી રન'' ના વિજેતા દોડવીરોને માન.સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષ, મ્યુ. કમિશનરશ્રી કુ. એસ. અપર્ણા, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, વિરોધપક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સ્વાતીબેન ભટ્ટ વગેરે મહાનુભાવોના હસ્તે ટ્રોફી, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર એનાયત કરી નવાજવામાં આવ્યા હતા. ''સીટી રન''માં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સ્મૃતિભેટ રૂપે કેપ આપવામાં આવી હતી. આ પ્રસંગે પદાધિકારીશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. અંતમાં સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સ્વાતિબેન ભટ્ટે ઉપસ્થિત તમામનો આભાર માન્યો હતો.

હવે પછી ''સીટી રન'' ના કાર્યક્રમમાં તા.૧૦/૦૧/૨૦૧૦ ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે કોર્પોરેટ સેકટર અને પત્રકારો તેમજ ઈલેકટ્રોનીક અને પ્રિન્ટમીડીયા સાથે સંકળાયેલ વ્યકિતઓ માટે રાંદેર ઝોનમાં, તા.૧૭/૦૧/૨૦૧૦ ને રવિવારના રોજ પોલીસ, હોમગાર્ડ, એન.સી.સી. જેવા સલામતી દળોનાં જવાનોની, તા.૨૪/૦૧/૨૦૧૦ ને રવિવારના રોજ ડાયમંડ અને ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલ હોદ્દેદારો, કર્મચારીઓ અને સીનીયર સીટીઝનો અને તા. ૩૧/૦૧/૨૦૧૦ ને રવિવારના રોજ મુખ્ય ''સીટી રન'' નું આયોજન સવારે ૭.૦૦ કલાકે સુરત ડુમસ ગૌરવપથ પર કરવામાં આવેલ છે. શહેરના નગરજનોને મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

TOP